# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                 તા. 09-03-2022

- રાજયની અધોગતિ અટકાવવા અને મલકને બરબાદ થવા રોકવાનો રામ બાણ ઈલાજ ભાજપાને ભગાડીએ અને સતામા પરિવર્તન લાવીએ. : મનહર પટેલ
- ભાજપાની સૌથી મોટી હાર કોંગ્રેસ મુકત દેશ કરવા ગયા અને કોંગ્રેસ યુકત બની ગયા: મનહર પટેલ

" બેસતો રાજા,આવતો મેહ, નવી આવેલી વહુ , વગર વિચારે વાહ વાહ કરે સૌ. "

છેલ્લા ૧૨ વર્ષંમા કોંગ્રેસમાથી ભાજપામા ગયેલા કે જે ભાજપાના અસંતુષ્ટોએ ઘર વાપસી કરી હોય તે પૈકીના એક પણ આગેવાન આજે ભાજપા/સંઘની કોર ટીમમા નથી... અને તે તમામની હાલત કેવી બની અને બની રહી છે તે જગ જાહેર છે...

રાજય ઉપર આફતનો અતિરેક, મોંઘવારી - બેરોજગારી ચરમસીમાએ અને ભ્રષ્ટાચાર અજર - અમર જોવા મળે છે અને આ બધી બાબતથી પરેશાન હોવા છતાં ભાજપાની ભયની રાજનીતી રાજ્યમા હાવી હોવાને કારણે તેની સામે લોકોની અસહકારની માનસિકતા બનતી નથી એજ રાજ્યની બરબાદીના ઉજળા લક્ષણ છે, એટલે જનતા કહેવા લાગી છે કે ભાજપા રાજ્યની પડતીનુ મુખ્ય કારણ બની રહી છે.

અનેક મુદ્દાથી જનતા પરેશાન છે, પરિણામ મળતુ નથી, રાજયની હાલત કફોડી થતી જાય છે..આ તમામનુ મુખ્ય કરણ ભાજપાની જન વિરોધી માનસિકતા છે.

બીજી એક વાત સૌ સ્વીકારે છે કે રાજયના સક્ષમ અને પ્રજાવત્સલ ઈમાનદાર આગેવાનોનુ  એક યા બીજી રીતે ભાજપાના સતાના હવસખોર નેતૃત્વે પોતાના પક્ષમાથી તેમનુ રાજકીય અસ્તિત્વ મટાડી  દીધુ, આવા સંવેદન નેતૃત્વની ગુજરાતના જાહેરજીવનમા  બહુ મોટી ખોટ  રાજયની જનતાને પડી છે.

આગળ કહ્યુ તેમ ભાજપામા પરત ફરેલા ઘરવાપસી થયેલા નેતાઓ પહેલા કે પછી રાજ્યની જનતાનુ કશુ ભલુ કરી શક્યા ન હતા અને આજે તે તમામને ભાજપાના પ્રચાર પ્રસારના માત્ર મજુર ગણવામા આવે છે . ઉપરાંત નેતાઓની કદમબોચીની વિશેષ જવાબદારી નિભાવતા સૌને જોવામળે હોય છે. આથી વધુ કશુ નહી..

જેમ નવી વહુને ઘરમા પ્રવેશ સમયે તેના કંકુ પગલાનુ વિશેષ મહત્વ હોય છે એમ કોંગ્રેસમાથી ભાજપામા ગયેલા આગેવાનોના કંકુ પગલા પાડીને તેમને ઠેકાણે પાડવાનુ કામ પણ પ્રચલિત છે.આવી સતાની હરકતોને લઈને જ આમ જનતામા અનેક સવાલો છે કે ૨૭ વર્ષંનો લાંબો કાર્યકળ ભાજપાને સરકાર જનતાએ આપ્યો પરંતુ એમા ક્યાય જનતા કેમ નહી. ? ક્યા સુધી ભાજપા સરકાર તેના મદારીયુકત માનસિકતાનો અનુભવ જનતાને કરાવતી રહેશે ? આવા અનેક સવાલોથી ગુજરાતની જનતા પરેશાન છે પરંતુ ભાજપાના ભરડામાથી બહાર આવવા માટે રામબાણ ઈલાજ ભાજપાને ભગાડીએ અને સતામા પરિવર્તન લાવીએ.

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ

E mail : inc.manharpatel@gmail.com